# I.I.T.Gnનાં સ્ટુડન્ટે તૈયાર કર્યો ગીરનાં સિંહ માટે વોટર સપ્લાય પ્લાન

**રુષભ દેસાડલાએ ઉનાળાની સિઝન દરમિયાન સમગ્ર જંગલમાં જમીનમાં નાખેલી પાઇપમાં હોલ કરીને પાણી આપી શકાશે તેવો પ્લાન રજૂ કર્યો**



અમદાવાદ : માનવ અને પશુઓનો સંઘર્ષ ગીર નેશનલ પાર્કમાં સામાન્ય બની ગયો છે અને ગીર નેશનલ પાર્ક એશિયાઈ સિંહ ધરાવતું એકમાત્ર અભ્યારણ્ય છે. હવે એશિયાઈ સિંહની ઘટતી સંખ્યા એક ચિંતાનો વિષય બની ગયો છે ત્યારે ગાંધીનગર સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજીનાં બી.ટેકનાં ફાઈનલ યરમાં અભ્યાસ કરતાં રુષભ દેસાડલાએ ગીરમાં રહેતા મહત્તમ પ્રાણીઓને પીવાનું પાણી મળી રહે તે અર્થે વોટર સપ્લાયની વ્યવસ્થા મળી રહે તેવો પ્લાન તૈયાર કર્યો છે. પોતાના પ્લાન વિશે વાત કરતા રુષભે જણાવ્યુ કે, માનવ અને પ્રાણીઓમાં ઊનાળાની ઋતુમાં પાણીની અછત એ એક મોટો પ્રશ્ન બની જતો હોય છે. મારા આયોજન અનુસાર અભ્યારણ્યમાં જુદી જુદી જગ્યાઓ પર નાના હોલ્સ પાડીને તેમાંથી પાણી સપ્લાય કરી શકાય જેનાં દ્વારા પ્રાણીઓને પાણી યોગ્ય પ્રમાણમાં મળી રહેશે. આ પ્રકારની સિસ્ટમ દ્વારા પાણી પુરવઠાનો યોગ્ય ઉપયોગ પણ થઈ શકશે અને ધીમે ધીમે તેમાં સુધારા વધારા પણ થઈ શકશે. આ પ્રકારની વોટર સપ્લાય સિસ્ટમ દ્વારા પ્રાણીઓને છંછેડ્યા વગર તેમના સુધી પાણી પહોંચાડી શકાશે. આ અંગે વન પ્રિન્સિપાલ ચીફ કન્ઝર્વેટર અને ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડન ઓફ ગુજરાત કુલદીપ ગોયલે જણાવ્યું કે 'હાલ અભ્યારણ્યમાં ૫૦૦ જેટલા આર્ટિફિશિયલ પાણીનાં સ્ત્રોત તૈયાર કરવામાં આવેલા છે અને ડ્રાય સિઝનમાં તે સ્ત્રોત પણ સુકાઈ જતા હોય છે ત્યારે તેમને પાણી પૂરું પાડવું એક ચેલેન્જ બની જતો હોય છે ત્યારે આ પ્રકારની મેનેજમેન્ટલ ડિઝાઈન દ્વારા તેમને સરળતાથી પાણી પહોંચાડી શકાશે.'

**Title:** IITGN student prepares water supply plan for lions of Gir
**Source:** Sandesh: City life: Page No: 04
**Date:** 21/12/2016